# ગુજરાતમાં વરસાદી માહોલ હજુ અકબંધ

## ઉનામાં અઢી ઇંચ પડ્યો : દક્ષિણ ગુજરાતના તાપી, સૌરાષ્ટ્ર જુનાગઢ અને જામનગરમાં ભારે વરસાદ પડ્યો : મધ્યમથી ભારે વરસાદી ઝાપટાઓ પડવાનો સિલસિલો જારી રહેશે

અમદાવાદ,તા.૨૫

ગુજરાતભરમાં પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના રાજયના મોટાભાગના વિસ્તારોમાં ધીમીથી લઈને મધ્યમગતિએ વરસાદ પડ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ચાર કલાકમાં અઢી ઈંચતી વધુ વરસાદ થયો છે. સવારમાં રાજ્યના ચાર તાલુકાઓમાં ઝરમર વરસાદ થયો હતો જ્યારે ભરુચ, બનાસકાંઠા, સુરેન્દ્રનગરના વિસ્તારોમાં ઝરમર ઝાપટા પડ્યા હતા. ભારે વરસાદ માટેની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ વરસાદ જારી રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને તાપીમાં ભારે વરસાદ થયો છે.

સૌરાષ્ટ્રના જુનાગઢ અને જામનગરમાં ભારે વરસાદ થયો છે. આજે ચાર કલાકમાં ગીર સોમનાથ જિલ્લાનાં ઉના તાલુકામાં ૬૦ મી.મી એટલે કે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લાના બાબરા તાલુકામાં ૨૮ મી.મી., સુરત સીટીમાં ૧૯ મી.મી. ગીર સોમનાથ જિલ્લાનાં તાળાલામાં ૧૦ મી.મી. વરસાદ વરસ્યો હતો. તે ઉપરાંત અમરેલી, લાઠી, મહુવા અને અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટા એટલે કે અડધા ઈંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

રાજયમાં છેલ્લા ચોવીસ કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓ અને તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી છે. જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૯૦ મી.મી. એટલે કે પોણા ચાર ઈંચ વરસાદ વરસ્યો છે. રાજયના ૩૧ જિલ્લાઓના ૧૪૭ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. ૩૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

૨૯ તાલુકાઓમાં અડધા ઈંચથી અક ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૨૬ જુન ૨૦૧૯ના રોજ સવારે ૭ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાત ઝોનના ૭ જિલ્લાઓ પૈકી ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ક્યાંય વરસાદ પડ્યો નથી. પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં ૧૭ મી.મી., હારીજ તાલુકમાં ૮ મી.મી, અને સમી તથા સાંતલપુર તાલુકામાં ૩ મી.મી. જેટલો વરસાદ વરસ્યો છે. બનાસકાંઠા જિલ્લાના દિયોદર અને કાંકરેજ તાલુકામાં ૨૬ મી.મી., દાંતા તાલુકામાં ૪૭ મી.મી., ભાભરમાં ૨૫ મી.મી., પાલનપુરમાં ૨૩ મી.મી., અમીરગઢમાં ૧૭ મી.મી., લાખણીમાં ૧૨ મી.મી., ડિસામાં ૧૦ મી.મી., ધાનેરા અને સૂઈગામમાં ૫ મી.મી.થી ઓછો વરસાદ વરસ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ૨૪ મી.મી., વડાલી તાલુકામાં ૪ મી.મી. વરસાદ વરસ્યો છે. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ૧૧ મી.મી. અને મેઘરજમાં ૮ મી.મી. વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લાના ભૂજ તાલુકામાં ૬૨ મી.મી. એટલે કે અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ૩૦ મી.મી., મૂળીમાં ૧૨ મી.મી. અને ચોટીલામાં ૧૧ મી.મી. અને રાજકોટ જિલ્લાના વીંછીયા તાલુકામાં ૪ મી.મી. સાથે ઝરમર વરસાદ વરસ્યો હતો.

મોરબી જિલ્લાના વાંકાનેરમાં ૪૦ મી.મી. અને મોરબી તાલુકામાં ૧૫ મી.મી., જામનગર જિલ્લાના લાલપુરમાં ૬૯ મી.મી. અને ધ્રોલ તાલુકામાં ૫૮ મી.મી., પોરબંદર જિલ્લાના કુતિયાણામાં ૪૪ મી.મી. અને રાણાવાવમાં ૧૦ મી.મી. વરસાદ વરસ્યો છે.

# પાલનપુરની હોટલમાં સટ્ટો રમતાં બે શખ્સો ઝડપાયા

## એલસીબીની ટીમે છાપો મારી રૂપિયા ૧૦.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

પાલનપુર, તા. ૨૬

પાલનપુર - અમદાવાદ હાઈવે નજીક આવેલી એક હોટલમાં બે શખ્સો ક્રિકેટ મેચનો સટ્ટો રમતાં બનાસકાંઠા એલ. સી.બીની ટીમના હાથે ઝડપાઇ ગયા હતા. પોલીસે બંને પાસેથી રોકડ રકમ, ઉપકરણો તેમજ વાહન મળી કુલ રૂપિયા ૧૦.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.



બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુળની સૂચનાથી એલસીબી પીઆઇ પી. એલ. વાઘેલાએ પીએસઆઇ એ. એ. ચૌધરી અને સ્ટાફના પ્રવિણસિંહ, નરેશભાઈ, મહેશભાઈ, ભરતભાઈ, મહેશભાઈ સાથે મળેલી બાતમીના આધારે પાલનપુર- અમદાવાદ હાઈવે નજીક માઉન્ટ-વે હોટલ-ગેસ્ટ હાઉસના રૂમ નં.૧૧૫ માં ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં અફઘાનિસ્તાન- બાંગ્લાદેશ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતાં ભીલવાડાના મનિષકુમાર રાધેશ્યામજી ખટીક અને પારસકુમાર રાધેશ્યામજી ખટીકને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી રૂપિયા ૩૩૮૦૦ના ઉપકરણો, રૂપિયા ૩૨૫૦૦ના મોબાઈલ ફોન નંગ ૨૭, તેમજ રોકડ રૂપિયા ૬૩૫૦, રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની ગાડી મળી કુલ રૂપિયા ૧૦,૭૨,૬૫૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આરોપીઓ વિરૂધ્ધ પશ્ચિમ પોલીસ મથકે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.





શિક્ષણ તીર્થ એ પણ મહિલા શિક્ષણ માટે બનાવવાની નેમ એ અભિનંદનીય છે. કારણ કે મહિલા શિક્ષિત હશે તો સામાજિક વિકાસ અને સામાજિક સમરસતા થકી વિકાસના વૈશ્વિક આયામોને આંબતા કોઈ રોકી શકશે નહિ તેમ જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. લાંગાએ કલોલ તાલુકાના નારદીપુર ખાતે ગ્રામ સેવા મંદિર સંચાલિત સ્વ. ઉગરીબા શિશુ વિદ્યાલયના રિનોવેશન બાદ નવનિર્મિત ભવનને ખુલ્લુ મુકતા ઉચ્ચાર્યા હતા. આ પ્રસંગે તેમણે સંસ્થાના અભિગમને બિરદાવ્યો હતો. તેમજ જે ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે તેમાં શિક્ષણના યોગદાનના પ્રભાવની વાતો કહી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ રંગોલી સાથે થયેલા કરારનો ઉલ્લેખ કરી આગામી ત્રણ વર્ષમાં મહિલા યુનિવર્સિટીના સ્વપ્રદર્શી પર્વમાં રજૂ થયેલા અભિગમને વિસ્તૃત રીતે જણાવ્યો હતો. ત્રણ વર્ષમાં ગ્રામ સેવા મંદિરના થનારા રિનોવેશન પ્રોજેક્ટ વિશે પણ વિગતો આપી હતી. આ પ્રસંગે રંગોલીના પ્રહર અંજારિયા, ટ્રસ્ટી પૂજ્ય દેવીબા પંડિત, પૂર્વ સરપંચ ભીખાભાઈ, વર્તમાન સરપંચ રાજુભાઈ પટેલ, દાતાઓ વિજયસિંહ ચાવડા, ચીનુભાઈ પટેલ સહિતના ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંસ્થાના મંત્રી શ્રી નરેન્દ્રભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જ્યારે આભારવિધિ સહમંત્રી રામભાઈએ કરી હતી.

# ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ તેમજ શિતોલ ગામ પાસે મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૬

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મામાં હમણાથી બિનવારસી લાશો મળવાનો સીલસીલો યથાવત છે. ખેડબ્રહ્માના બે અલગ-અલગ વિસ્તારમાંથી બે યુવકોની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બે લાશો મળી હોવાના સમાચાર વાયુવેગે ફેલાઈ જતા લોકોના ટોળેટોળાં જોવા માટે ખેડબ્રહ્મા સિવીલ હોસ્પિટલ ખાતે ઉમટી પડયા હતા.

મંગળવારે મોડી સાંજે ખેડબ્રહ્માના શિતોલ ગામ પાસે નવાનાના ગામના સત્યમ મહેશભાઈ ખોખરીયાની ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ ઝાડ પર લટકી હોવાના સમાચાર પોલીસને મળતા,પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાશને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે ખેડબ્રહ્મા સિવીલ ખસેડી હતી.

લાશ મળવાની બીજી ઘટનામાં ખેડબ્રહ્માના ખેરોજ ગામના સંદેશ ભાઈ અકાભાઈ પરમારની ઉ.વ.૩૨ લાશ સાબરમતી નદીના પટમાંથી મળી હોવાનું સામે આવ્યુ છે. સાબરમતીના પુલ નીચે લાશ હોવાની માહિતિ મળતા ખેરોજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશને ખેડબ્રહ્મા જનરલહોસ્પિટલમાં પી.એમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## કંપની સમાચાર

### ભારતની જાણીતી કંપની એસએલટીએલ ગ્રુપે કરી વિશ્વ સ્તરીય ઈવેન્ટ

એસએલટીએલ ગ્રુપ લેઝર ટેક્નોલૉજીના મોટા સંશોધક અને ફાઈબર લેઝર કટીંગ મશીનની વિશ્વની પ્રથમ મેનુફેક્ચરિંગ કંપની છે. એસએલટીએલ ગ્રુપે ગાંધીનગર, ગુજરાતમાં ૧૮ જૂનથી ૨૩ જૂન ૨૦૧૯ સુધીમાં ઓપન હાઉસ એક્સ્પોનું આયોજન કર્યું હતું. એસએલટીએલ ગ્રૂપે ૬ દિવસના એક્સ્પોમાં લેઝર મશીનો રજૂ કર્યા હતા, જ્યાં લેઝર એક્સપર્ટઓએ બિઝનેસ લીડરઓ અને અન્ય મુલાકાતીઓ સાથે જ્ઞાન મેળવવાની સુવિધા આપી હતી. ઈવેન્ટનું મુખ્ય આકર્ષણ ૩૦ ટેક્નોલોજી, ૧૯ ઔદ્યોગિક એપ્લિકેશનો હતી. આ ઈવેન્ટ દરેક નાના અને મોટા ઉદ્યોગો માટે આગામી ટેક્નોલોજી આવરી લેતી હતી.

આ એક્સ્પોએ સહયોગ માટે એક મોટી તક આપી છે. ઈન્ડસ્ટ્રીમાં સહયોગ તેમને લગતા સંભવિત લાભો લાવે છે. આ એક્સ્પોમાં ઉદ્યોગપતિઓ, બિઝનેસ લીડરઓ, નવા લોકોને મળવા અને સંપર્ક કરવાની તક મળી હતી. એસએલટીએલ ગ્રૂપે સહયોગી રીતે મળીને કામ કરવાની તક આપી, તેનાથી અલગ રીતે કામ કરતી દરેક ઈન્ડસ્ટ્રીની સરખામણીમાં લેઝર ટેક્નોલૉજીની વધુ સારી કામગીરી થઈ શકે છે.

એસએલટીએલ ઓપન હાઉસ એક્સ્પોએ ઈન્ડસ્ટ્રીઓને તેના લક્ષ્યોને હાંસલ કરવામાં જે તકલીફો ઊભી થતી હતી તેના માટે સહકાર આપવાની પરવાનગી આપી, તેમને બીજા લોકો મદદ કરી શકે છે અને તે તેમને વધુ તકો આપશે તેમજ વધુ સંપર્ક માટે મદદરૂપ બનશે. એસએલટીએલ ઓપન હાઉસ વ્યવસાય સહયોગ માટે એક મહાન પ્લેટફોર્મ હતું.

### ટીપીવી ટેકનોલોજી દ્વારા ગુજરાતમાં ક્રાંતિકારી ૬૫’’ ફિલિપ્સ એમ્બિલાઈટ ટેલિવિઝનની ઉપલબ્ધતા જાહેર કરાઈ

કન્ઝ્યુમર ટેલિવિઝન નિહાળવાના અનુભવને એક આગામી સ્તર પર લઈ જઈને ટીપીવી ટેકનોલોજીએ અમદાવાદમાં ૬૫’’ ફિલિપ એમ્બિલાઈટ ટેલિવિઝનની ઉપલબ્ધતા ઘોષિત કરી છે. ટેલિવિઝન ફિલિપ એમ્બિલાઈટ ટેકનોલોજી અને ૬૭૦૦ સિરિઝમાં સૌથી વિશાળ સ્ક્રીન સાઈઝ ધરાવે છે. અલ્ટ્રા સ્લિમ ૪કે યુએચડી એલઈડી સ્માર્ટ ટીવી – ૩ સાઈડેડ એમ્બિલાઈટ, સાફી ઓપરેટિંગ સિસ્ટમ અને પિક્સલ પ્રિસાઈસ અલ્ટ્રા એચડી સાથે ઓનલાઈન તો ઉપલબ્ધ છે પણ હવે તે ગુજરાતમાં રૂ. ૧૩૮૯૯૯માં ગ્રાહકો માટે ઉપલબ્ધ થઈ શકશે. આ અલ્ટ્રા એચડી સ્માર્ટ ટીવી દ્વારા એમ્બિલાઈટ ટેકનોલોજી સાથે તમામ નવા સ્તરનો વિઝ્યુઅલ એક્સિપરિયન્સ આપવાનું વચન આપવામાં આવે છે.

ટીપીવી ટેકનોલોજીએ હાલમાં ફિલિપ સાથે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપની ઘોષણા કરી છે જેમાં તેને ભારતમાં ટેલિવિઝન અને ઓડિયો પ્રોડક્ટ રેન્જ માટે તેમના અધિકૃત બ્રાન્ડ લાયસન્સ પાર્ટનર તરીકે ઘોષિત કરાયેલ છે. ટીપીવી ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિ.ના ફિલિપ બ્રાન્ડેડ ટેલિવિઝન એન્ડ ઓડિયોના કન્ટ્રી બિઝનેસ હેડ અરૂણ મેનને કહ્યું હતું, ‘ફિલિપ દ્વારા પેન્ટેન્ટેડ એમ્બિલાઈટ ટેકનોલોજી સાથે અમને આશા છે કે અમારા ગ્રાહકોને અમે ‘બિયોન્ડ ધ સ્ક્રીન’ અનુભવ ખરેખર આપી શકીશું. અમને ખુશી છે કે અમે ગુજરાતમાં અમારૂં ફ્લેગશીપ ૬૫’’ એમ્બિલાઈટ ટેલિવિઝન લોન્ચ કરી રહ્યા છીએ. જેની શરૂઆત ફિલિપ એરિનાસ દ્વારા કરી રહ્યા છીએ.

હાલમાં ક્રિકેટ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે ત્યારે ટીપીવી ટેકનોલોજીએ હિટ ધ હેટટ્રીક ઓફર રોમાંચક ડિલ્સ સાથે આપીને ગ્રાહકોને આનંદિત કર્યા છે. આ ઓફર ૭ જુલાઈ, ૨૦૧૯ના રોજ સમાપ્ત થશે અને તે ફિલિપ હોમ ઓડિયો એન્ડ ટેલિવિઝન રેન્જમાં તમામ જાણીતા મોડેલ્સ પર ઉપલબ્ધ થશે. એક ભાગ્યશાળી વિજેતાને એકદમ નવા ૬૫’’ ફિલિપ એમ્બિલાઈટ ટેલિવિઝન રૂ. ૧૩૮૯૯૯માં તેના અપગ્રેડેડ થ્રી સાઈડેડ એમ્બિલાઈટ અવતારમાં ઉપલબ્ધ ટીવી જીતવાની તક મળે છે. ટીપીવીની હાલની રિટેલ ઉપસ્થિતિ ૨૦૦થી વધુ ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે ૩૫૦૦૦થી વધુ સ્ટોર્સમાં વિસ્તરીત છે.

# વડગામ તાલુકા પંચાયતમાં કારોબારી મીટીંગ યોજાઈ

વડગામ, તા. ૨૬

વડગામ તાલુકા પંચાયત કચેરી ખાતે કારોબારી સદસ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતના કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા બેઠકમાં વિકાસના કાર્યોને મંજુરી આપવામાં આવી હતી. વડગામ



તાલુકા પંચાયત ખાતે બુધવારે તાલુકા પંચાયતની કારોબારી ની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા અને ગત યોજાયેલી સભાને બહાલી આપવામાં આવી હતી તાલુકાના ગામડાના વિકાસ માટે અને વિવિધ યોજનાઓ ના કામોને આવરી લઈ ટીડીઓ,અધ્યક્ષ અને સદસ્ય દ્વારા વિકાસના કાર્યોને મંજુરી આપવામાં આવી હતી. તાત્કાલિક અધૂરા કામો પૂર્ણ કરવામાં આવે તેમ પણ નક્કી કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં વડગામ ટીડીઓ એ.એચ.પરમાર, તાલુકા પંચાયત અધ્યક્ષ શાંતાબેન નવીન સિંહ રાજપુત, લક્ષ્મણભાઈ ભટોળ,ગીતાબેન પટેલ,જયાબા શકિતસિંહ ડાભી, હારૂન ભાઈ જગરાળા,મહેમુદા બેન મુખી,સમસુદીન ભાઈ ઢુક્કા, શાયરા બેન નાગોરી સહિત તાલુકા પંચાયત ના સદસ્યો હાજર રહ્યા હતા.

# થલવાડામાં સ્મશાન જવાનો રસ્તો નવો બનાવવા સર્વે હાથ ધરાયું

## લોકસંપર્ક દરમિયાન જિલ્લા પંચાયત સદસ્યને રજુઆત મળતાં તંત્રને રજૂઆત

વડગામ, તા. ૨૬

વડગામ તાલુકાના થલવાડા ગામમાં સ્મશાન જવા માટે નો રસ્તો છેલ્લા કેટલાય સમયથી બિસ્માર હાલતમાં બની જવા પામ્યો છે. આવતા થલવાડા ગામ ના લોકો દ્વારા સદસ્ય ના લોક સંપર્ક દરમિયાન રજુઆત કરતાં જિલ્લા પંચાયત ના સદસ્ય દ્વારા વહીવટી તંત્ર સમક્ષ રજુઆત કરાતાં વડગામ તાલુકા



જેને લઈ ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ કરવામાં આવી હતી.પરંતુ કાર્યવાહી ન થતાં જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના ના મત વિસ્તાર માં પંચાયત ના મનરેગા શાખા ના કર્મીઓ દ્વારા કામનુ સર્વે હાથ ધરવામાં આવ્યુ હતું

ઘણા સમયથી થલવાડા ગામનુ વરસાદી પાણી ગામ ના મહોલ્લા ના રહેણાંક વિસ્તારની બાજુમાં થી મોટા પ્રમાણમાં ચોમાસામાં પાણી પસાર થાય છે. જેના લીધે સ્મશાન તરફ જવાનો રસ્તો બિસ્માર બની ગયો છે ગામ લોકો પરેશાન થઈ રહ્યા છે. જિલ્લા પંચાયત સદસ્ય ના લોકસંપર્ક દરમીયાન લોકોના પ્રશ્નોની રજુઆત મળતાં જીલ્લા વિકાસ અધીકારી બી.એ.શાહ અને પાલનપુર ગ્રામ વિકાસ એજન્સી ના નિયામક આર.વી.વાળા અને જીલ્લા ડીડીપીસી ની સુચનાથી વડગામ તાલુકા પંચાયત ની મનરેગાની સમગ્ર ટીમ સાથે બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના એ ખરવટ તથા આજુ બાજુમાં કાચા અને પાકા મકાનોના રક્ષણ માટે મોટી પુંર : સંરક્ષણ દીવાલો બનાવવા અંગે નક્કી કરવામાં આવ્યું હતું.

# પાંથાવાડા બજરંગપુરાના પાટીયા પાસે અજાણ્યા વાહનચાલકે યુવકને મારી ટક્કર

પાલનપુર, તા. ૨૬

પાંથાવાડા નજીક અજાણ્યા વાહન ચાલકે એક યુવકને ટક્કર મારતા બે પગ ભાગી ગયા હતા.જેની જાણ ૧૦૮ને થતા ઈજાગ્રસ્ત યુવકને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

બનાસકાંઠામાં અકસ્માતોનું પ્રમાણ દિન પ્રતિ દીન વધી રહ્યુ છે.જેમાં ચાલકોની સામન્ય બે દરકારીના કારણે કેટલાક લોકોને પોતાના જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે.જેમાં પાંથાવાડા બજરંગપુરા નજીકથી રાત્રીના સમયે ચેતનભાઈ ડાહ્યાભાઈ પરમાર (ઉ.વ.૪૫) પસાર થઈ રહ્યા હતા.તે સમયે અજાણ્યા વાહન



ચાલકે ચેતનભાઈને ટક્કર મારી હતી.જેથી બંન્ને પગ ભાગી ગયા હતા.આ ઘટનાને પગલે આજુ-બાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.અને ૧૦૮ને જાણ કરવામાં આવી હતી.જેથી ઈએમટી મેહુલ બાજગ અને પાયલોટ શાહનવાજ મકરાણી ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત ચેતનભાઈ પરમારને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



## વડગામ તાલુકા પંચાયતના સર્કલ દ્વારા તિથિ ભોજન અપાયું

વડગામ તાલુકાના ઘોતા પગાર કેન્દ્ર શાળા ના વિદ્યાર્થી ઓને ઘોતા(લક્ષ્મીપુરા)ગામમના દાતા દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. ઘોતા(લક્ષ્મીપુરા) ગામના વતની અને વડગામ તાલુકા પંચાયત માં ઈન્ચાર્જ સર્કલ અને તલાટી કમ મંત્રી મફાજી.એચ.ચૌહાણ, દ્વારા, ઘોતા, પગાર, કેન્દ્ર ના તમામ બાળકોને શીરો, મગ, દાળ, ભાત, સાથે તિથી ભોજન આપવામાં આવ્યુ હતુ.

## પ્રવેશ લીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે ગત વર્ષે પણ કેટલાક બાળકોએ પ્રવેશ લીધો હતો અને આ વર્ષે આ સંખ્યામાં વધારો થયો છે જે બતાવે છે કે સરકારી શાળાઓના શિક્ષણની વિશ્વસનીયતા વધી છે.

તેમણે કહ્યુ હતુકે સરકારે શિક્ષણ સુધારણામાં અનેકવિધ પગલાંઓ લીધા છે અને શિક્ષકોએ તેને વધાવ્યા છે તેમજ દિલ દઈ બાળકોના શિક્ષણની સાથે સાથે શાળાની વિશ્વસનીયતાની સુધારણામાં કરેલી કામગીરીનો આ પુરાવો છે.

દત્તક લીધેલા તાલુકાઓની શાળાના પરિણામમાં પણ સુધારા જોવા મળ્યા છે.

## બહાના શોધે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં રાજસ્થાન ભાજપના અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ રહેલા મદનલાલ સૈનીને શ્રદ્ધાંજલિ આપી હતી. નવા જનાદેશ બાદ પ્રથમ વખત રાજ્યસભાના તમામ સભ્યો વચ્ચે પોતાની વાત મોદીએ રજૂ કરી હતી. તેમણે કહ્યું હતું કે, પહેલા કરતા વધારે જનસમર્થન અને વધારે વિશ્વાસ સાથે અમે દેશની સેવા કરવા માટે આવ્યા છે. તમામનો તેઓ આભાર માને છે. રાજ્યસભાના દરેક સત્રમાં અરુણ જેટલીની વાત પણ સાંભળવા મળતી હતી. આ વખતે પણ સભ્યો ઉત્સુક હતા પરંતુ તેઓ આરોગ્યના લીધે આ વખતે અમારી વચ્ચે દેખાઈ રહ્યા નથી. અરુણ જેટલી ફરી ગૃહમાં આવશે તેવી આશા મોદીએ વ્યક્ત કરી હતી. ઝારખંડમાં મોબલિંચિંગની ઘટનાથી તેઓ દુખી હોવાની વાત કરી હતી. બે દિવસમાં જે ચર્ચા ચાલી રહી હતી તેમાં ગુલામ નબી આઝાદ, દિગ્વિજયસિંહ સહિત ૫૦ સભ્યોએ ભાગ લીધો હતો. દરેકે પોતાની વાત પોતાનીરીતે રજૂ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ વખતે ચૂંટણી જનતા જનાર્દન લડી રહી હતી. રાજકીય પક્ષોથી ઉપર ઉઠીને જનતા ચૂંટણી લડી રહી હતી. જનતા પોતે સરકારના કામની બાબત લોકો સુધી પહોંચાડે છે. જે લોકોને લાભ પહોંચ્યા નથી તે લોકો પણ આ વિશ્વાસ સાથે વાત કરી રહ્યા હતા કે, તેમને લાભ મળ્યા છે. તેમને પણ ટૂંકમાં જ મળી જશે. કોંગ્રેસનો મતલબ દેશ અને દેશનો મતલબ કોંગ્રેસ જેવી બાબત કોઈપણ કિંમતે યોગ્ય હોઈ શકે નહીં. ૪૦થી ૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે લોકો મતદાન કરવા આગળ આવી રહ્યા હતા. ખેડૂતોને પૈસા આપવામાં આવી રહ્યા છે. ૨૦૦૦-૨૦૦૦ સ્કીમના ખેડૂતો વેચાઈ ગયા છે તેવા આક્ષેપ પણ થયા હતા. જે ખુબ જ અપમાનજનક નિવેદન છે. ખેડૂતો માટે આ પ્રકારના શબ્દોનો ઉપયોગ યોગ્ય નથી. મિડિયાને પણ ગાળો આપવામાં આવી હતી.

## જવાન તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ બનાવ ન બને તે માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. આ વખતે યાત્રાના રુટ ઉપર અર્ધલશ્કરી દળોની ૨૦૧૩થી વધુ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. યાત્રાની શરૂઆત પહેલા જ સુરક્ષા પાસાઆ ઉપર જાણકારી મેળવવામાં કેન્દ્ર સરકાર વ્યસ્ત છે. દક્ષિણ કાશ્મીરમાં પહેલગામ પણ યાત્રાના બેઝકેમ્પ તરીકે છે. તમામ સુરક્ષા પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન કોઈ પણ બનાવ ન બની શકે તે માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. અર્ધલશ્કરી દળોની ૨૦૧૩ વધારાની કંપનીઓ ગોઠવી દેવામાં આવી છે. જમ્મુથી યાત્રા માર્ગના બે રુટ ઉપર સુરક્ષા મજબૂત રાખવામાં આવશે. આ બે બેઝકેમ્પમાં સોનમર્ગના બલતાલ કેમ્પ અને પહેલગામમાં નુનવાન બેઝ કેમ્પનો સમાવેશ થાય છે. સરકારે એનએસજી સહિત ખાસ કમાન્ડો પણ પહેલાથી જ ગોઠવી દીધા છે.અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે.

## મારો વિકલ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકમાં રાજીનામુ આપવાની ઓફર કરીને કોંગ્રેસી નેતાઓને હચમચાવી મુક્યા હતા. કોંગ્રેસી નેતા શશી થરુર અને મનિષ તિવારીએ વાયનાડમાંથી સાંસદ રાહુલ ગાંધીને મળીને કહ્યું છેકે, હારની જવાબદારી સમગ્ર પાર્ટીની છે. કોઈ એક વ્યક્તિને પરાજય માટે જવાબદાર ઠેરવી શકાય નહીં. ૨૦૧૯માં એટલે કે હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને માત્ર બાવન સીટો મળી હતી ત્યારે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને ૩૦૩ સીટો જીતી લીધી હતી. મોદીની લહેર વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને મોટાભાગના રાજ્યોમાં તમામ બેઠકો જીતી લીધી હતી. કોંગ્રેસ પાર્ટીને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં પણ સફળતા મળી ન હતી જ્યાં હાલમાં જ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની જીત થઈ હતી. રાહુલ ગાંધી લોકસભા ચૂંટણીમાં કાયમી હાર બાદથી ખુબ જ નિરાશ દેખાઈ રહ્યા છે.